
# બેઈમાની નહીં, ઈમાનદારીનો માર્ગ અપનાવીએ





ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર
http://awgp.org

# બેઈમાની નહીં, ઈમાનદારીનો માર્ગ અપનાવીએ

દેવીઓ અને ભાઈઓ,

ક્યારેક એવું લાગે છે કે  જલદી અને અધિક કમાણી કરવા માટે અપ્રમાણિકતાનો પ્રયોગ કરવો જરૂરી છે, કારણ કે ધનવાન લોકોમાંથી અધિકાંશ એવા દેખાય છે કે જેમના ક્રિયાકલાપમાં બેઈમાની દેખાય છે. પ્રમાણિક લોકોમાંથી ઘણાખરા ગરીબ જ દેખાય છે. તેથી સામાન્ય બુદ્ધિથી એમ સમજાય છે કે આપણે પણ જો પ્રમાણિક રહીશું તો ગરીબ બની જઈશું, કારણ કે આજે ધનની બોલબાલા છે. ધનના આધારે જ અધિકસુવિધા-સાધન, સફળતા તથા સન્માન પ્રાપ્ત થાય છે. તેથી સ્થૂળ બુદ્ધિથી સ્થિતિનું અવલોકન કરનારા બહુમતી લોકો સામાન્ય રીતે તે જ ઘરેડને અપનાવી લે છે, જે આડોશપાડોશના લોકો પણ અપનાવતા જોવામાં આવે છે. આજની વ્યાપક ક્ષેત્રમાં ફેલાયેલી બેઈમાનીનું મુખ્ય કારણ છે.

વસ્તુસ્થિતિની ઝીણવટથી તપાસ કરવાથી બુદ્ધિભ્રમ થઈ જવો સ્વાભાવિક છે. બેઈમાનીનું ગૌરવ સ્વીકારીને લોકો બુદ્ધિભ્રમથી  ગ્રસ્ત જ થઈ ગયા છે. વાસ્તવમાં એવું છે જ નહીં. બેઈમાનીથી ધન કમાઈ શકાતું નથી. કમાઈ લેવામાં આવે તો તેને સ્થિર રાખી શકાતું નથી. લોકો જે ગુણોથી કમાય છે, તે બીજા જ (ગુણો) છે. બેઈમાનીની આડમાં કોઈ અયોગ્ય લાભ લી લેવામાં આવે તો તેનો અર્થ એવો નથી કે તેનું પરિણામ લાભદાયક આવે છે. સાહસ, હૈયા ઉકલત, સૂઝબૂઝ, મધુર ભાષણ, વ્યવસ્થા આદિ એવા ગુણો છે, જે ઉપાર્જન કરે છે. બેઈમાની તો અપયશ, અવિશ્વાસ, ઘૃણા, અસહયોગ, રાજદંડ, આત્મગ્લાનિ આદિ દુષ્પરિણામો જ ઉત્પન્ન કરે છે. વસ્તુતઃ લોકો સદ્ગુણોના આધારે કમાય છે. બેઈમાનીનું તાત્પર્ય છે બીજાને દગો દેવો. આ ત્યારે જ શક્ય છે, જ્યારે તેના ઉપર ઈમાનદારીનું આવરણ ચડાવી દેવામાં આવે કોઈને ત્યારે જ છેતરી શકાય, જ્યારે તેને આપણી ઈમાનદારી અને વિશ્વસનીયતા વિષે આશ્વાસન આપવામાં આવે. જો કોઈને એવો શક થઈ જાય કે પોતાની સાથે બેઈમાની કરવા માટે તાણાવાણા ગૂંથાય રહ્યા છે, તો તે છેતરાશે નહીં અને ચાલાકીથી મળતો લાભ મળી નહીં શકે.

બેઇમાનો ત્યારે જ લાભદાયક થઈ શકે, જ્યારે તેને ઈમાનદારીનો અંચળો ઓઢાડી સારી રીતે છુપાવી લીધી હોય. અસલિયત પ્રગટ થઈ જાય છે ત્યારે બેઈમાની કરનાર માત્ર તે સમય પૂરતો જ નહીં, પરંતુ સદાને માટે લોકોનો વિશ્વાસ ખોઈ બેસે છે અને લાભ મેળવવાને બદલે ઊલટાની ખોટ ખાય છે.

બેઈમાનીનું પ્રતિફળ ધૃણા, અવિશ્વાસ, અસહયોગ, રાજદંડ છે. તેમાં ઉપાર્જનની કોઈ ક્ષમતા નથી. ઉપાર્જન તો સદ્ગુણથી થાય છે. તેમાં જ ઉત્પાદનના તત્વો સમાયેલાં છે. સંસારમાં મોટા કામ, મોટા વ્યાપાર, મોટા આયોજન, ઈમાનદારીના આધાર ઉપર જામ્યાં, વધ્યાં અને સફળ થયા છે. જેણે પોતાની વિશ્વસનીયતાની છાપ બીજા ઉપર પાડી દીધી, સારી, સાચી, ખરી ચીજો વાજબી ભાવે આપી અને વ્યવહારમાં પ્રમાણિકતા સિદ્ધ કરી દીધી તો લોકો તેના ઉપર મુગ્ધ થઈ જાય છે અને સદાને માટે તેના ગ્રાહક, પ્રશંસક અને સહયોગી બને છે. ઉન્નતિનું રહસ્ય આ જ છે. જેનામાં પ્રમાણિકતા છે તેનું ભવિષ્ય ઉજ્જ્વળ છે, પરંતુ જે પોતાની મૂર્ખતાના કારણે બદનામ થઈ ગયો તેનો રક્ષક તો ઈશ્વર જ છે. આજના મિત્ર કાલે દુશ્મન બનશે. કાલના મિત્ર પરમ દિવસે તિરસ્કાર કરવા લાગશે અને છેવટે કોઈ તેનો સાચો મિત્ર કે સહયોગી નહીં રહે. સ્વાર્થને માટે ખુશામદ કરનાર પણ નબળા સમયે કામ નહીં આવે. વિશ્વાસ કરીને જોખમ ઉઠાવવા માટે પેલા 'ખુશામતિયા' મિત્રો પણ સમય આવ્યે તૈયાર નહીં થાય.

આપણી એ ભ્રમ કાઢી નાખવો જોઇએ કે બેઈમાનીથી જ કમાઈ શકાય છે. તે શરાબની જેમ ઉત્તેજના માત્ર છે, જેનાથી છેતરનાર અને છેતરાનાર બન્ને બુદ્ધિભ્રમમાં ગ્રસ્ત થઈ જાય છે. નશો ઊતરતા નશાબાજની જે ખરાબ હાલત થાય છે એવી જ હાલત પોલ ખૂલી જવાથી બેઇમાન માણસની પણ થાય છે. તેનો કારભાર રહેતો નથી, કોઈ ગ્રાહક કે સહયોગી રહેતો નથી. દૂધમાં પાણી અને ઘીમાં વેજિટેબલ મેળવનાર ત્યારે જ કમાઈ શકે, જ્યારે તે સોગંદ ખાઈને પોતાની ઈમાનદારી અને ચીજના અસલીપણાનો વિશ્વાસ બંધવે છે અહીં જ ઈમાનદારી અને વિશ્વાસનો વિજય છે. જે કમાઈ લીધું તેનો આધાર વિશ્વાસ જ હતો.

જેથી અમે દહેજ આપ્યું છે એટલે અમે પણ લઈશું. જો આ રીતે વિચારીશું તો દહેજ કોઈ દિવસ ખતમ જ નહીં થાય. અને વિવાહોન્માદનો રાક્ષસ કોઈ દિવસ નહીં મરે. જે આજે વરરાજા બનીને માગી રહ્યો છે. તેમને ત્યાં કાલે છોકરી જન્મશે અને લગ્ન કરાવશે ત્યારે તેને કર્મનું ફળ ભોગવવું જ પડશે. રાજસી ઠાઠમાઠથી વસ્ત્રો પહેરીને ઘોડા પર ચઢીને રાજા બનીને આવયો છે અને કન્યાના પિતા સાથે હાથ ફેલાવીને ભીખ માગી રહયો છે. શું રાજા આવા હોય? શરમ આવવી જોઈએ. પોતાનું સન્માન વેચીને હાથ ફેલાવનારા નિર્લજ્જ વરરાજાઓને શરમ આવવી જોઈએ. જે હાથ આપવા માટે હોવા જોઈએ એ માગવા માટે આગળ ધર્યા. ભવિષ્યની પેઢી આવી કુપ્રથાને ધિક્કારશે. દહેજના રિવાજનો તો નાશ થવો જ જોઈએ, પરતું આવનારી પેઢીઓ કહેશે કે અમારા પૂર્વજો હતા તો ખૂબ બુદ્ધિમાન, પરંતુ કોણ જાણે શા માટે આવી દુષ્ટ નિર્મમ પ્રથાને સદીઓ સુધી ચલાવે રાખી ?

દહેજનો લોભ ફકત યુવકના પિતા સુધી જ સીમિત નથી. યુવકોની ફરમાઇશ સાંભળીને યુવતીવાળાઓના તો મોતિયા જ મરી જાય છે. કોણ જાણે કયા કયા રીતરિવાજોના નામ પર તેઓ મોટર સાઈકલ મોટરકાર, કિંમતી સૂટ, ઘડિયાળ, ટી.વી. ઘરેણાં અરે ,, ત્યાં સુધી કે દેશમાં ભણવાનો ખર્ચો અને વિદેશ મોકલી ભણવા સુધીનો ખર્ચો માગે છે. સાવ અભણ અને ગમાર યુવકો યુવતીવાળાઓ સામે એવી એવી ચીજોની માગણી કરે છે, જે સાંભળીને શરમ આવવાની સાથે સાથે ક્રોધ પણ આવે છે. આ બધી માગણીઓ, ફરમાઈશોને કોઈપણ યુવતીવાળાની હેસિયત બગાડી નાખવા સિવાય બીજું શું માની શકાય ? ભગવાન આ નિર્મમ ભિખારીઓને સદ્બુદ્ધિ આપે.

વિચારવાની વાત છે કે, યુવતીઓ જ્યારે એ જુએ કે સાંભળે કે જયાં સુધી એમને ઇચ્છિત સામાન અને ઘણા રૂપિયા દહેજના રૂપમાં આપવામાં ન આવે ત્યાં સુધી કોઈ એમની સાથે લગ્ન કરવા તૈયાર થતું નથી. ત્યારે તેમના નાજુક મન પર કેવી અસર થાય ? શું એ અનુભવ નહીં કરતી હોય કે એની સાથે લગ્ન કરવા તે કોઈને પણ માટે ખોટનો ધંધો છે અને તેની ક્ષતિપૂર્તિ કરવી તે તેના પિતાની અનિવાર્ય ફરજ છે.

જો આ લોકો પોતાની દુકાનૌપર પાણી અને આરાનો લોટ મેળવેલું દુધ કે ભેળસેળવાલા ઘીનું સાઈનબોર્ડ લગાવે અને પોતાની વસ્તુના દોષો પ્રગટ કરે, તો ખબર પડે કે શું બેઈમાનીથી કંઈ કમાઈ શકાય છે ખરું ?

'વેસ્ટન્ડ વોચ' કંપનીની ઘડિયાળો, ફોર્ડની મોટરો, પાર્કરની પેનો મોંઘી હોવા છતાં લોકો ખુશીથી ખરીદે છે, કારણ કે વસ્તુની પ્રમાણિકતા ઉપર હરકોઈ ભરોસો કરે છે. તેની દિનપ્રતિદિન ઉન્નતિ થતી જાય છે. તેનાથી ઊલટું નકલી, કમજોર તથા ખરાબ ચીજો વેચનારા દિવસે દિવસે દેવાળિયા થતા જાય છે, મિલકત ગુમાવે છે અને ફરીથી તે બદનામીને કારણે નવું  કામ કરી શકવામાં સફળ થતા નથી. બેઈમાની લાંબો સમય ગુપ્ત રહી શકતી નથી પારાને પચાવી શકાતો નથી તથા પાપને છુપાવી શકાતું નથી. પ્રગટ થતાં જ બન્ને ભારે કષ્ટ આપે છે.

વ્યાપારની જેમ જ જીવનના હરક્ષેત્રની સફળતાનું ટકાઉપણું કઠોળ શ્રમ, સદ્ગુણ, સદ્‌વ્યવહાર, સચ્ચાઈ,  ઈમાનદારી અને પ્રમાણિકતા ઉપર રહેલું છે. ચાલાકીથી એકાદવાર કોઈને ચમત્કૃત કરીને પોતાનું ધાર્યું કામ કરાવી શકાય, પણ તે લાભને સ્થિર રાખી શકતો નથી. ચોર, ડાકું, ખિસ્સાકાતરુ વગેરે શરૂઆતમાં બહુ પૈસા કમાય છે, પણ આ કમાણીને સ્થિર રાખવી કે તેનો સદુપયોગ કરવો  તેમના વશમાં નથી. વાદળાના પડછાયાની જેમ અનીતિની કમાણી પણ  અપવ્યય અને વ્યસનોમાં જોત જોતામાં ખલાસ થઈ જાય છે.

સંપત્તિથી નહીં, પરંતુ સદ્બુદ્ધિ અને સત્પ્રવૃત્તિઓથી ઉન્નતિ થાય છે. ધનવાન નહીં, ચારિત્રવાન સુખ મેળવે છે. ઈમાનદારીથી કદાચ ઓછી કમાણી થાય, તો પણ અનીતિથી અધિક કમાવા કરતાં શ્રેયસ્કર છે. પરસેવાની કમાણી ફુલેફાલે છે અને હરામનો પૈસો પાણીના પરપોટાની જેમ નષ્ટ થઈ જાય છે. એટલું જ નહીં, વિદાય પછી બહુ જ પ્રશ્ચાત્તાપ, સંતોષ અને અપયશ મૂકીને જાય છે. બેઈમાનીથી ધન કમાઈને ધનવાન બનવું જરૂરી નથી. સંસારમાં અધિકાંશ લોકો ગરીબ જ છે. આપણે પણ  તેઓમાંના એક રહીએ, તો શું નુકસાન છે? પરંતુ વાસ્તવિકતા એ છે કે માત્ર ધન જ નહીં, સ્વાસ્થ્ય, સંતોષ અને સન્માનના ક્ષેત્રે પણ ચારિત્રવાન અને  ઈમાનદાર લોકો જ સમૃદ્ધ અને સફળ બને છે.

# ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

સફળતા પ્રાપ્ત કરી લેવી એટલું જ પૂરતું નથી. તેનાથી આત્મસંતોષ, જનકલ્યાણ અને સ્વાસ્થ્ય પરંપરાનું અભિવર્ધન થવું જોઇએ. સાચી રીતે પ્રાપ્ત કરેલી સફળતા જ વાસ્તવિક સફળતા છે. જો કોઈ પ્રકારની ઉન્નતિ કે ઉપલબ્ધિ અયોગ્ય રીતે કરી હશે, તો બીજા અનેકોને એવું જ કરવાની ઇચ્છા થશે અને સમાજમાં એક એવી પ્રથા ચાલું થઈ જશે, જે દરેકને માટે અહિતકર પરિણામ જ ઉત્પન્ન કરતી રહેશે.

સદ્ગુણોનું ખાતર અને સચ્ચાઈનું પાણી પાઈને વ્યક્તિત્વનો છોડ વધે છે અને ફુલેફાલે છે. જાદુથી હથેળીમાં સરસવ દેખાડી તો શકાય છે, કૌતુક તો જોઈ શકાય છે, પણ તેનું તેલ કાઢીને ધન કમાઈ શકાય તે સંભવ નથી. બેઈમાનીનો ચમત્કાર તો જોઈ શકાય છે, પણ તેને સહારે સાચી પ્રગતિ અને સ્થિર સંપદાનો લાભ ઉઠાવી શકાતો નથી. જોએ આપણે વસ્તુતઃ કંઈ કહેવાલાયક અને આનંદદાયક ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરવા માગતા હોઈએ, તો એક જ રસ્તો છે કે આપણે ઈમાનદાર અને ભલમનસાઈને જીવનનીતિની જેમ હૃદયંગમ કરીએ, સદ્ગુણોની સંપદાથી આપણા વ્યક્તિત્વને સુસજ્જિત કરતા રહીએ. જે રીતે રૂપિયાના બદલામાં દુકાનો ઉપર વેચાતી ચીજો આસાનીથી ખરીદી શકાય છે, તે જ રીતે સદ્ગુણોના મૂલ્ય ઉપર પ્રગતિની કોઈપણ દિશામાં ઝડપથી અગ્રેસર થઈ શકાય છે.

બેઈમાનીની નીતિરીતિ સ્વીકારવાનું પરિણામ પોતાને માટે વિપત્તિ અને સમાજને માટે દુર્ગતિના રૂપમાં પ્રગટ થશે. આ કંટકછાયા પંથે ચાલવા કરતાં એ જ વધુ સારું છે કે તે માર્ગે ચાલનારાની દુર્ગતિ જોઇએ અને એટલાથી જ સાવધાનીપૂર્વક વર્તવા લાગી જઈએ. ઇતિહાસના કોઈ પણ પાના ઉપર આ તથ્ય જોઈ શકાય છે કે વિભૂતિઓ અને સંપત્તિઓનો લાભ માત્ર તેઓને જ મળે છે કે જેઓ સદ્ગુણી, ચારિત્રવાન અને ઈમાનદાર છે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦